# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



એસ.એસ.સી. પરિણામ | આણંદના પરિણામમાં ગત વર્ષની સરખામણીએ 2.12 ટકાનો નોંધપાત્ર સુધારો

# આણંદનું 82.29% સાથે 34 શાળાનું સો ટકા પરિણામ

**જિલ્લાના 830** વિદ્યાર્થીઓએ મેળવ્યો એ-1 ગ્રેડ મેળવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી/માર્ચ 2026 દરમિયાન લેવાયેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-10)નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યના 83.86 ટકા પરિણામની વચ્ચે આણંદ જિલ્લાએ 82.29 ટકા પરિણામ મેળવીને શૈક્ષણિક ક્ષેત્રે પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે. આણંદ જિલ્લાના પરિણામમાં છેલ્લા ત્રણ વર્ષથી સતત સુધારો જોવા મળી રહ્યો છે, જે જિલ્લાના વિદ્યાર્થીઓ અને શિક્ષણ જગત માટે હર્ષની બાબત છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આણંદ જિલ્લાનું વર્ષ 2024માં પરિણામ 74.63 ટકા હતું, જે વર્ષ 2025માં વધીને 80.17 ટકા થયું હતું અને ચાલુ વર્ષે 2026માં તે વધુ સુધરીને 82.29 ટકા પર પહોંચ્યું છે. આ વર્ષે જિલ્લામાં કુલ 28,511 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 28,119 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને 23,140 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.



| કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓ | ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ |
|---|---|
| 28,511 | 23,140 |
| **પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થી** | **A2 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ** |
| 28,119 | 2439 |

### આણંદ જિલ્લાની શાળાઓનું પ્રદર્શન

આણંદ જિલ્લાની શાળાઓના પ્રદર્શન પર નજર કરીએ તો, આણંદ જિલ્લાની કુલ 34 શાળાઓએ 100 ટકા પરિણામ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, જે ગત વર્ષની 29 શાળાઓની સરખામણીએ વધારો દર્શાવે છે. જોકે, જિલ્લાની 1 શાળાનું પરિણામ 0 ટકા રહ્યું છે અને 7 શાળાઓ એવી છે જ્યાં પરિણામ 30 ટકા કરતા ઓછું આવ્યું છે.

### ગ્રેડ મુજબ વિશ્લેષણ

આણંદના વિદ્યાર્થીઓએ પણ ગુણવત્તાની દ્રષ્ટિએ ઝળહળતી સફળતા મેળવી છે. જિલ્લામાં કુલ 830 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ હાંસલ કર્યો છે, જ્યારે 2439 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે. સૌથી વધુ 6031 વિદ્યાર્થીઓ C1 ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. જોકે, જે વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ થયા છે અથવા પોતાના પરિણામથી સંતુષ્ટ નથી, તેમના માટે બોર્ડ દ્વારા આગામી જૂન-2026માં પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. આણંદ જિલ્લા માટે પૂરક પરીક્ષાનું સંભવિત કેન્દ્ર આણંદ નક્કી કરવામાં આવ્યું છે.

મહિસાગરમાં ગત વર્ષ કરતા નજીવું ઘટ્યું

# મહિસાગર 82.60 ટકા પરિણામ : 285ને એ1 ગ્રેડ

**મલેકપુર કેન્દ્ર** 92.08% સાથે અવ્વલ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે માર્ચ-2026ની એસ.એસ.સી. પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના સરેરાશ 83.86% પરિણામ સામે મહિસાગર જિલ્લાનું કુલ પરિણામ 82.60% નોંધાયું છે.

ગત વર્ષે જિલ્લાનું પરિણામ 83.10% હતું, જેની સરખામણીએ આ વર્ષે પરિણામમાં 0.50%નો નજીવો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં શૈક્ષણિક ગુણવત્તા જળવાઈ રહી છે, જેમાં અનેક ગ્રામીણ કેન્દ્રોએ પણ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે.

મહિસાગર જિલ્લામાં આ વર્ષે કુલ 14,774 નિયમિત વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 12,203 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ જાહેર થયા છે. જિલ્લાના તેજસ્વી તારલાઓની વાત કરીએ તો, 285 વિદ્યાર્થીઓએ 'A1' ગ્રેડ પ્રાપ્ત કરીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે, જ્યારે 1,215 વિદ્યાર્થીઓએ 'A2' ગ્રેડ મેળવ્યો છે. શાળાવાર દેખાવમાં જિલ્લાની 22 શાળાઓએ 100% પરિણામ હાંસલ કર્યું છે, જ્યારે એક પણ શાળાનું પરિણામ 0% નથી રહ્યું તે જિલ્લા માટે રાહતના સમાચાર છે.

ખેડાના શિક્ષણ સ્તરમાં સુધારો : જિલ્લાના કુલ 25,787 પરીક્ષાર્થીઓ પૈકી 20,088 ઉત્તીર્ણ થયા

# ખેડામાં SSCનું પરિણામ 77.90 ટકાએ પહોંચ્યું

**ગત વર્ષ કરતા** પરિણામમાં 5.35 ટકાનો ઉછાળો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.6

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવાયેલી ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. ખેડા જિલ્લાએ 77.90 ટકા પરિણામ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જિલ્લામાં કુલ 20,088 વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે. ગત વર્ષના 72.55 ટકા પરિણામ સામે આ વર્ષે 5.35 ટકા જેટલો નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, જેના કારણે શાળાઓમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ખેડા જિલ્લામાં આ વર્ષે પરીક્ષા માટે 26,517 વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા, જેમાંથી 25,787 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જાહેર થયેલા આંકડાઓ મુજબ જિલ્લાના શિક્ષણની ગુણવત્તામાં વધારો થયો છે. કુલ 593 વિદ્યાર્થીઓએ સર્વોચ્ચ A1 ગ્રેડ મેળવીને સફળતાનું શિખર સર કર્યું છે. આ ઉપરાંત 1,772 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે. જિલ્લામાં પરિણામ જાહેર થતા જ અનેક શાળાઓમાં ફટાકડા ફોડીને વિદ્યાર્થીઓની સફળતાને વધાવવામાં આવી હતી. અન્ય ગ્રેડના પરિણામોની વાત કરીએ તો, B1 ગ્રેડમાં 3,075 અને B2 ગ્રેડમાં 4,706 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ સિવાય C1 ગ્રેડમાં 5,630 અને C2 ગ્રેડમાં 3,867 વિદ્યાર્થીઓ પાસ થયા છે.

ખેડા જિલ્લામાં ઉતરતા ક્રમમાં ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓમાં 445 વિદ્યાર્થીઓ D ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. જ્યારે E1 ગ્રેડમાં 3,203 અને E2 ગ્રેડમાં 2,00,496 વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પરિણામની ટકાવારીમાં ખાસ્સો સુધારો થયો છે. વર્ષ 2024માં જિલ્લાનું પરિણામ 78.29 ટકા રહ્યું હતું, જેની આસપાસ આ વર્ષનું પ્રદર્શન પહોંચ્યું છે.

### ટ્યુશન વગર વિદ્યાર્થીને સફળતા મેળવી

નડિયાદના ડભાણ વિસ્તારમાં રહેતા તિર્થ ભાવિકકુમાયમર મહંતે તાજેતરમાં યોજાયેલી ધોરણ 10ની પરીક્ષામાં સફળતા મેળવી છે. તિર્થે આ પરીક્ષામાં 81.59 પર્સેન્ટાઇલ રેન્ક મેળવી જ્વલંત સિદ્ધી હાંસલ કરી છે. આ વિદ્યાર્થીએ વગર ટ્યુશને આટલું પરીણામ મેળવ્યું છે. સતત વાંચન અને રિવિઝન કરી આટલું પરીણામ મેળવ્યું છે. આ ઉપરાંત શાળાના શિક્ષકો અને વાલીનો ખુબ સપોર્ટ રહ્યો હતો અને આગળ સાયન્સ લેવાની મહેચ્છા તિર્થે દર્શાવી છે.

### પીઠાઈની વિદ્યાર્થિની વૃંદા શર્મા શાળામાં પ્રથમ



મહુધા નાગરિક સહકારી બેન્ક કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી વૃંદા દિનેશકુમાર શર્માએ ધોરણ 10ની પરીક્ષામાં 95.10 ટકા અને 99 પર્સન્ટાઇલ રેન્ક મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. પીઠાઈ ગામની આ તેજસ્વી વિદ્યાર્થિનીએ પોતાની સખત મહેનત દ્વારા શાળામાં પ્રથમ ક્રમ હાંસલ કરીને પરિવાર અને સમગ્ર પંથકનું નામ રોશન કર્યું છે. તેની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને ગ્રામજનોમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

### શારદા મંદિર સ્કૂલની તેજસ્વી સિદ્ધિ



નડિયાદની શારદા મંદિર સ્કૂલની વિદ્યાર્થિની તુલસી સ્નેહલકુમાર મિતલિયાએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. તુલસીએ બોર્ડની પરીક્ષામાં 99.99 PR સાથે સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. વિશેષ રીતે તેણે ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા મુખ્ય વિષયોમાં 100માંથી 100 ગુણ મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ખંભાતની મુક્તિ પ્રજાપતિએ 99.99 PR સાથે સેન્ટરમાં પ્રથમ રહી



બામણવાની વિદ્યાર્થીની મુક્તિ નરેશકુમાર પ્રજાપતિએ 591 ગુણ અને 99.99 PR મેળવી ખંભાત સેન્ટરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. લક્ષ સ્કૂલ ઓફ સાયન્સના કુલ 45 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 69 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યા છે, જેના કારણે સમગ્ર શાળાનું પરિણામ 99% જેવું ઉચ્ચ રહ્યું છે. આ શાનદાર સફળતા બદલ લક્ષ સ્કૂલ અને લક્ષ ઇન્ટરનેશનલ સ્કૂલ, આણંદ પરિવારે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

### મોગરી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના દીપ સોલંકીએ 99.99 પર્સન્ટાઈલ સાથે પ્રથમ ક્રમ મેળવ્યો



આણંદના મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનો વિદ્યાર્થી દીપ સોલંકીએ 98 ટકા અને 99.99 પર્સન્ટાઈલ સાથે અપ્રતિમ સફળતા મેળવીને પોતાની શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીના પુત્ર દીપે તેની આ સિદ્ધિ પાછળ રોજનું 3થી 4 કલાકનું નિયમિત વાંચન અને પરીક્ષાઓની પ્રેક્ટિસને મુખ્ય કારણ ગણાવ્યું છે. તેણે સંસ્કૃત અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં 100માંથી 100 ગુણ મેળવીને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હવે તે એન્જિનિયરિંગમાં પોતાની કારકિર્દી બનાવવા માટે 'JEE'ની તૈયારી કરી આગળ વધવાનું લક્ષ્ય ધરાવે છે.

### આણંદના નંદ પટેલે વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં 100માંથી 100 ગુણ મેળવ્યા



આણંદની નોલેજ હાઈસ્કૂલના નંદ ગિરીશભાઇ પટેલે 99.94 પર્સન્ટાઈલ (97.50%) સાથે શ્રેષ્ઠ દેખાવ કરી વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન બંને વિષયોમાં પૂરેપૂરા 100 ગુણ મેળવ્યા છે. તેણે પોતાની સફળતાનું રહસ્ય જણાવતા કહ્યું કે, દરરોજ 5 કલાકનું નિયમિત વાંચન અને રિવિઝન સફળતા માટે અનિવાર્ય છે. પોતાની પ્રતિભા સાબિત કરનારા નંદ હવે 22 સાયન્સમાં 'A' ગ્રુપ પસંદ કરી એન્જિનિયર બનવાના સ્વપ્ન સાથે 'JEE'ની તૈયારીમાં લાગી ગયો છે. આ તેજસ્વી વિદ્યાર્થીએ પોતાની મહેનતથી ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી અન્યો માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### શિક્ષક દંપતીના તેજસ્વી પુત્ર આર્ય વાઘેલાએ 99.87 પર્સન્ટાઈલ સાથે ડંકો વગાડ્યો



આણંદની નોલેજ હાઈસ્કૂલનો વિદ્યાર્થી આર્ય વાઘેલાએ 99.87 પીઆર મેળવ્યાં છે. પ્રાથમિક શાળાના આચાર્ય પિતા અને શિક્ષિકા માતાના પુત્ર આર્યએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. શાળાની નિયમિત કસોટીઓ દ્વારા કરેલા સચોટ રિવિઝનને આર્ય પોતાની આ સિદ્ધિનો મુખ્ય શ્રેય આપે છે. આ ઉપરાંત નાની ભૂલોમાંથી શીખીને હવે તે 'B' ગ્રુપમાં જોડાઈ 'NEET'ની પરીક્ષા માટે સખત મહેનત કરવા મક્કમ છે. ભવિષ્યમાં ડોક્ટર બનીને સેવા કરવાનું લક્ષ્ય ધરાવતા આર્યએ શૈક્ષણિક ક્ષેત્રે પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે.

### ગણિત-વિજ્ઞાનમાં 100માંથી 100 મેળવી કાર્ડિયોલોજિસ્ટ બનવા માંગતી ધ્યાની પટેલ



આણંદની નોલેજ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ધ્યાની પટેલે 99.72 પર્સન્ટાઈલ (96.33%) સાથે ગણિત અને વિજ્ઞાન વિષયમાં પૂરેપૂરા 100 ગુણ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. ધ્યાની પટેલે પરીક્ષા દરમિયાન દરરોજ 8 કલાકની સખત મહેનત અને જૂના પ્રશ્નપત્રો સોલ્વ કરવા પર ભાર મૂકીને આ સિદ્ધિ હાંસલ કરી છે. બિઝનેસમેન પિતાની પુત્રી ધ્યાની હવે NEETની તૈયારી કરી કાર્ડિયોલોજિસ્ટ બનીને માનવસેવા કરવાનો દ્રઢ સંકલ્પ ધરાવે છે. તે તબીબી ક્ષેત્રે કારકિર્દી બનાવી સમાજને ઉપયોગી થવા ઈચ્છે છે. આ સિદ્ધિ શિક્ષકોની મહેનત અને માતા-પિતાના આશીર્વાદ ગણાવ્યાં છે.

### આરઝુ પંજવાણીનો ઝળહળતો વિજય મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવાનું લક્ષ્ય



આણંદની નોલેજ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી આરઝુ બરકતભાઇ પંજવાણીએ 99.62 પર્સન્ટાઈલ (96 ટકા) મેળવીને શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. વિજ્ઞાન અને સંસ્કૃત જેવા વિષયોમાં 99 ગુણ મેળવનાર આરઝુએ તેની સફળતાનો શ્રેય શાળાની શિસ્ત અને નિયમિત પરીક્ષાઓને આપ્યો છે. તેણીના મતે, શાળા દ્વારા લેવાતી સોમવાર અને ગુરુવારની સાપ્તાહિક કસોટીઓ આ ઉત્કૃષ્ટ પરિણામ મેળવવામાં પાયારૂપ બની છે. આગામી સમયમાં 'B' ગ્રુપમાં જોડાઈને મેડિકલ ક્ષેત્રે આગળ વધવાની અને શ્રેષ્ઠ સેવા આપવાની આરઝુની મહેચ્છા છે.

મલ્ટીનેટ ગ્લોબલ કંપનીના નામે રોકાણ કરાવ્યું

# આણંદમાં પિતા-પુત્ર સાથે 9 લાખની છેતરપિંડી થઈ

**ગઠિયાએ શરૂઆતમાં** વળતર આપી વિશ્વાસ જીત્યા બાદ હાથ અધ્ધર કર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ શહેરમાં મલ્ટીનેટ ગ્લોબલ શેર કંપનીમાં રોકાણ કરવાના બહાને એક વેપારી અને તેમના પુત્ર સાથે નવ લાખની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ મામલે આણંદ ટાઉન પોલીસે અમદાવાદ અને વડોદરાના ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફરિયાદી તારકભાઈ શાહના પુત્ર દીપને આરોપી અલ્પેશ ગોહેલ (રહે. અમદાવાદ), જય મહેતા (રહે. વડોદરા) અને મહેશ પરમાર (રહે. વડોદરા) એ માસિક 15 થી 20 ટકા જેટલા ઊંચા વળતરની લાલચ આપી હતી. વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ વર્ષ 2023માં આણંદની ગેલોપ્સ હોટલ ખાતે મીટિંગ કરી હતી, જેમાં મલ્ટીનેટ ગ્લોબલ માર્કેટ નામની કંપની રજિસ્ટર્ડ હોવાનું અને તે દેશ-વિદેશમાં રોકાણ કરતી હોવાનું જણાવી દીપનો વિશ્વાસ સંપાદન કર્યો હતો.

બાદમાં ફેબ્રુઆરી 2024થી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા પિતા-પુત્રએ કુલ 9,00,710ની મૂડીનું રોકાણ કર્યું હતું. શાતિર ગઠિયાઓએ શરૂઆતમાં વિશ્વાસ કેળવવા 1.92 લાખનું વળતર ચૂકવ્યું હતું, પરંતુ ત્યારબાદ નફો કે મૂળ મૂડી પરત કરવાનું બંધ કરી દીધું હતું. રોકાણકારે વળતરની માંગ કરતા ગઠિયાઓએ એક વર્ષના 'લોક-ઈન પીરિયડ'નું નવું ગતકડું ચલાવ્યું હતું.

આખરે, શંકા જતાં દીપભાઈએ તપાસ કરી તો માલૂમ પડ્યું કે વડોદરામાં કંપનીની કોઈ ઓફિસનું અસ્તિત્વ જ નહોતું અને રોકાણના નામે તેમની સાથે છેતરપિંડી થઈ છે. આ અંગે આણંદ ટાઉન પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં રોકાણ કરી તગડો નફો કમાવવાની લાલચ આપી છેતરપિંડી થવાના કિસ્સા વધ્યાં છે. આ અંગે લોકોમાં જાગૃતતા જરૂરી છે.

## વાસદ પાસે કન્ટેનરમાંથી વિદેશી દારૂ પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચએ પેટ્રોલિંગ દરમિયાન એક મોટી સફળતા મેળવતા વાસદ-તારાપુર હાઈવે પરથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, વાસદ - તારાપુર હાઈવે પર સત્યમ પાઉભાજી હોટેલ નજીક પાર્ક કરેલા કન્ટેનર ટ્રકમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આથી, પોલીસે ટ્રકની તલાશી લેતા કાળા રંગની કોથળીઓ નીચે છુપાવેલી વિદેશી દારૂની 555 પેટીઓ (કુલ 26,064 બોટલો) મળી આવી હતી, જેની કિંમત રૂ. 27,18,912 થાય છે.

આ કાર્યવાહીમાં પોલીસે દારૂ, કન્ટેનર અને મોબાઈલ ફોન મળીને કુલ રૂ. 41,28,912 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં હરિયાણાના ચાલક સાબિરઅલી અખ્તરહુસેનની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે સાહિદ નામના અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે વાસદ પોલીસમાં ગુનો નોંધાયો હતો. આણંદ જિલ્લામાંથી પસાર થતાં ધોરી માર્ગ પર પોલીસની સતર્કતાથી વિદેશીદારૂ પકડાયો હતો.

ધારાસભ્યની હથોડી પડતા જ 2 કરોડની કેનાલના પોપડા ઉખડ્યા

# મહેમદાવાદ : કેનાલની નબળી કામગીરીની પોલ ખુલ્લી પડી

**ધારાસભ્ય અર્જુનસિંહ** ચૌહાણે સ્થળ પર જઈ ભ્રષ્ટાચાર ખુલ્લો પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામેથી પસાર થતી મહી સિંચાઈ માઈનોર કેનાલના નિર્માણમાં સરકારી નાણાંનો ધુમાડો અને વ્યાપક ભ્રષ્ટાચાર પ્રત્યક્ષ રીતે સામે આવ્યો છે. આશરે 2 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ કેનાલની ગુણવત્તા એટલી હલકી છે કે ધારાસભ્યની હથોડીના એક પ્રહાર સાથે જ નવી બનેલી કેનાલ પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી.

મહેમદાવાદના વાંઠવાડી પંથકમાં સિદ્ધનાથ કન્સ્ટ્રક્શન એજન્સી દ્વારા 4 કિલોમીટર લાંબી માઈનોર કેનાલનું કામ ચાલી રહ્યું છે. ખેડૂતોની સતત ફરિયાદોને પગલે ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે જાત નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન કેનાલનું લેવલ અને મજબૂતી અત્યંત નબળી જણાતા તેમણે હથોડી વડે તપાસ કરી હતી, જેમાં કોંક્રિટના પોપડા ઉખડી ગયા હતા. પાણી છોડાયા પહેલા જ જો કેનાલની આ સ્થિતિ હોય તો પાણીના વહેણ સાથે કેનાલ ધોવાઈ જવાની અને ખેતરોમાં ગાબડાં પડવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

ધારાસભ્યએ આ મામલે સખત વલણ અપનાવતા સમગ્ર કેનાલનું કામ નવેસરથી કરાવવા અને જવાબદાર અધિકારીઓ તેમજ એજન્સી સામે તાત્કાલિક પગલાં ભરવા સૂચના આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, ખેડૂતોના હિત અને જનતાના પરસેવાની કમાણીનો વેડફાટ કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.



### અધિકારીઓ - કોન્ટ્રાક્ટરની મિલીભગત ?

આ પ્રોજેક્ટમાં ટેકનિકલ માપદંડોને નેવે મૂકી, સિમેન્ટનું ઓછું પ્રમાણ અને નબળી ક્વોલિટીની રેતી-કપચીનો ઉપયોગ કરી માત્ર આર્થિક ફાયદો મેળવવાનું લક્ષ્ય રખાયું હોવાનું જણાય છે. જવાબદાર એન્જિનિયરો સ્થળ પર હાજર રહી ચકાસણી કરવાને બદલે આંખ આડા કાન કરતા હોવાથી કોન્ટ્રાક્ટરને મોકળું મેદાન મળ્યું હોવાનું ચિત્ર ઉપસ્યું છે. હાલમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર નિરવ ચાવડા આ વિભાગનો ચાર્જ સંભાળી રહ્યા છે ત્યારે તંત્ર કેવા પગલાં લેશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# લુણાવાડામાં પતિના ત્રાસ પત્નીએ જીવન ટૂંકાવ્યું

**દારૂડિયો પતિ અને** સસરા કોલેજ જવાની ના પાડી મારઝૂડ કરતા હોવાનો પિતાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.6

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના નાની ઝાંઝરી ગામે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં લગ્નના માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં જ 20 વર્ષીય પરિણીતાએ સાસરિયાના અસહ્ય ત્રાસથી કંટાળી મોતને વહાલું કર્યું છે. લુણાવાડાની ખાનગી કોલેજમાં જી.એન.એમ. (નર્સિંગ) ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી મિત્તલબેને પોતાના સાસરીમાં ઘરના મોભ (જોતર) સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ અંગે મૃતક મિત્તલના પિતા જયંતીભાઈ બારીઆએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની દીકરી મિત્તલના લગ્ન નાની ઝાંઝરી ગામના પ્રવિણ કેશરાભાઈ બારીઆ સાથે થયા હતા. લગ્ન બાદ થોડો સમય બધું બરાબર ચાલ્યું હતું, પરંતુ ત્યારબાદ પતિ પ્રવિણ અને સસરા કેશરા મંગળભાઈ તેને અવારનવાર માનસિક અને શારીરિક ત્રાસ આપવા લાગ્યા હતા. પિતાના આક્ષેપ મુજબ, સાસરિયાઓ મિત્તલને કોલેજ જવાની ના પાડતા હતા અને તેનો મોબાઈલ ફોન પણ પડાવી લીધો હતો. એટલું જ નહીં, પતિ પ્રવિણ અવારનવાર દારૂ પીને આવી મિત્તલ સાથે મારઝૂડ કરતો હતો, જેનાથી કંટાળી મિત્તલે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાય છે.

દરમિયાનમાં ગઈકાલે સાંજના પાંચેક વાગ્યાના સુમારે જ્યારે મિત્તલ ઘરે એકલી હતી, ત્યારે તેણે પોતાના રૂમમાં પંખાના જોતર સાથે ફાંસો ખાઈ લીધો હતો. પિતાને જાણ થતા તેઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા, જ્યાં દીકરીની લાશ લટકતી હાલતમાં જોવા મળી હતી. આ ઘટનાથી એક આશાસ્પદ યુવતીનું કરુણ અવસાન થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ અંગે લુણાવાડા તાલુકા પોલીસે પિતાની ફરિયાદના આધારે પતિ પ્રવિણ બારીઆ અને સસરા કેશરાભાઈ બારીઆ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.એ. પંડ્યા દ્વારા કરવામાં આવી રહી છે.